# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત


બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


જા.નં.મા-૨/૨૦૨૬ 12937 તા.24/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ ,

**વિષય:** ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજવા બાબત.

**સંદર્ભ :** કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ધ/માધ્યમિક/પરચ/કા.મા/૨૦૨૬/૫૦૦૬-૪૮ તા.૧૭/૦૯/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી પસંદગી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક પ્રવાહો, ઉચ્ચ અભ્યાસની તકો, પ્રવેશ પરીક્ષાઓ, વ્યવસાયિક અભ્યાસક્રમો તથા વિવિધ ક્ષેત્રોમાં રહેલી કારકિર્દીની તકો અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓને પોતાની રુચિ, ક્ષમતા અને યોગ્યતા અનુસાર કારકિર્દીની પસંદગી કરવામાં આ કાર્યક્રમ ઉપયોગી બનશે. આપની શાળાના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરવાનું રહેશે. કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે:

| વિગત | માહિતી |
|---|---|
| તારીખ | ૨૮/૦૯/૨૦૨૬ |
| સમય | સવારે ૧૧:30 કલાકથી બપોરે 0૧:00 કલાક સુધી |
| માધ્યમ | BISAG અને YOUTUBE |
| લક્ષિત વિધાર્થીઓ | ધોરણ-૯ થી ૧૨ |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

# કમિશનર શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેકટર-૧૯, ગાંધીનગર, ગુજરાત રાજ્ય


પત્ર ક્રમાંક: ૫/માધ્યમિક/૫૨૨/કા.મા./૨૦૨૬/૬૦૦૬-૫૪ તા. ૧૭/૦૯/૨૦૨૬

પ્રતિ.
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

**વિષયઃ ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજવા બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્યના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના રસ, ક્ષમતા તથા અભ્યાસના પ્રવાહને અનુરૂપ ઉચ્ચ અભ્યાસ અને વિવિધ વ્યવસાયિક ક્ષેત્રોમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે **BISAG** અને **YOUTUBE** માધ્યમથી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત કાર્યક્રમમાં વિવિધ પ્રવાહના વિદ્યાર્થીઓને નિષ્ણાતો દ્વારા કારકિર્દી પસંદગી, ઉચ્ચ અભ્યાસ તથા સંબંધિત ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે:

| વિગત | માહિતી |
|---|---|
| તારીખ | ૨૮/૦૯/૨૦૨૬ |
| સમય | સવારે ૧૧:30 કલાકથી બપોરે 0૧:00 કલાક સુધી |
| માધ્યમ | **BISAG અને YOUTUBE** |
| લક્ષિત વિદ્યાર્થીઓ | ધોરણ-૯ થી ૧૨ |

આથી આપના જિલ્લા હેઠળની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં જોડાય અને તેમને કારકિર્દી અંગે ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે.

સંબંધિત શાળાના આચાર્યશ્રીઓ/શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને કાર્યક્રમની તારીખ, સમય તથા વિષય અંગે અગાઉથી જાણ કરવામાં આવે તેમજ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા અને આ બાબતને અગત્યતા આપી જરૂરી કાર્યવાહી કરવા પણ જણાવવામા આવે છે.

નાયબ શિક્ષણ નિયામક(૧૦+૨)
કમિશનર શાળાઓની કચેરી
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

<u>નકલ રવાના જાણ તથા જરૂરી આનુષંગિક કાર્યવાહી કરવા સારૂ:</u>

- વ્યવસ્થાપકશ્રી,
  BISAG, ચ-0 સર્કલ,ઈન્દુલાલ યાજ્ઞિક માર્ગ, ગાંધીનગર-અમદાવાદ હાઈવે, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૦૭